For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



(તસવીર : ગીરીશ ભોયે)

# ગાઢ જંગલોમાં રાત્રિના સમયે લાખો આગિયાઓથી રેલાતો કુદરતી પ્રકાશ

**ડાંગમાં** એક કાલ્પનિક દુનિયા જેવો અદભુત નજારો, લુપ્ત થતા 'ફાયરફ્લાઈઝ'ને નિહાળવા પ્રકૃતિપ્રેમીઓ ઉમટ્યા

સાપુતારા: આધુનિકતાની આંધળી દોટ અને સતત વધતા જતા પ્રદૂષણને કારણે કુદરતે સર્જેલી અણમોલ જીવસૃષ્ટિ આજે જોખમમાં મુકાઈ ગઈ છે. રાત્રિના અંધકારમાં પોતાની પાંખો પાછળથી કુદરતી પ્રકાશ રેલાવતો અદભુત જીવ 'આગિયા', જેને અંગ્રેજીમાં 'Fireflies' તરીકે ઓળખવામાં આવે છે, તે આજે દેશ-દુનિયાના મોટાભાગના વિસ્તારોમાંથી લુપ્ત થવાના આરે પહોંચી ગયો છે. ત્યાં ગુજરાતનો પ્રકૃતિથી ભરપૂર એવો ડાંગ જિલ્લો આજે પણ આ નાનકડા જીવ માટે આશીર્વાદરૂપ સાબિત

...અનુસંધાન પાના ૯ પર



આગિયાઓનો પ્રકાશ એવો છે કે જાણે સૂર્ય ઉગ્યો હોય. જંગલોમાં આગિયા એક નવા જ સૂર્યનું જાણે નિર્માણ કરે છે.

### ડાંગ માત્ર ચોમાસામાં જ નહીં પણ પાનખર અને પ્રિ-મોન્સૂનમાં પણ એટલું જ કુદરતી સૌંદર્ય ધરાવે છે

ડાંગના સ્થાનિક પ્રકૃતિપ્રેમી આદિવાસી યુવાન તુષાર કામડી દર વર્ષે ચોમાસા પહેલા આગિયાના પ્રદર્શન અને તેના પર સંશોધન કરવા આવતા પ્રવાસીઓ તેમજ વૈજ્ઞાનિકો માટે ખાસ રહેવા-જમવાની અને માર્ગદર્શનની સુવિધાઓ ઊભી કરે છે. તુષાર કામડીના જણાવ્યા અનુસાર, ડાંગની ભૂમિ પર કુદરત હંમેશા મહેરબાન રહી છે. લોકો માને છે કે ડાંગ માત્ર ચોમાસામાં જ સુંદર લાગે છે, પરંતુ વાસ્તવમાં અહીં પાનખર ઋતુ અને ત્યારપછીનો પ્રિ-મોન્સૂન (ચોમાસા પહેલાનો) સમયગાળો પણ કુદરતી સૌંદર્ય અને રહસ્યોથી એટલો જ ભરપૂર હોય છે. રાત્રિના ઘનઘોર અંધારામાં હજારો વૃક્ષો પર ટમટમતા આગિયાઓનો આ નજારો એ

...અનુસંધાન પાના ૯ પર

# ચોમાસું લંબાશે, 17થી 19 જૂન માત્ર ઝાપટાં

**આગામી** 20થી 23મી જૂન દરમિયાન રાજ્યમાં ફરી હવામાન સુકું રહેવાની સંભાવના, ગરમી વધશે

અમદાવાદ: ગુજરાતમાં ચોમાસાના આગમન માટે રાહ જોવી પડશે. હાલમાં ચોમાસાની ઉત્તર મર્યાદા હાલમાં હરનાઈ, સોલાપુર, હૈદરાબાદ, ભદ્રાચલમ, કોરાપુટ, ફુલબાની, રાંચી, જામુઈ અને મુઝફ્ફરપુર સુધી વિસ્તરેલી છે. આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન તેલંગાણા, ઓડિશા, ઝારખંડ, બિહાર અને છત્તીસગઢના વધુ વિસ્તારોમાં ચોમાસું આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ છે. બાદમાં ગુજરાતમાં ચોમાસું આવશે.

હવામાન વિભાગે 17 જૂને ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે ઝાપટાં પડવાની શક્યતા વ્યક્ત કરી છે.18 અને 19 જૂને દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાઓ ઉપરાંત દમણ તથા દાદરા અને નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગના અનુમાન મુજબ 20 જૂનથી 23 જૂન દરમિયાન રાજ્યમાં ફરી એકવાર મોટાભાગના વિસ્તારોમાં સુકું હવામાન રહેવાની શક્યતા છે. પરિણામે આગામી સપ્તાહ દરમિયાન ગરમી અને ભેજના કારણે લોકોને અકળામણનો સામનો કરવો પડી શકે છે.ચોમાસાની રાહ જોતા ગુજરાતીઓ માટે હાલ વરસાદના માત્ર છૂટાછવાયા ઝાપટાંની જ શક્યતા છે, જ્યારે રાજ્યમાં વ્યાપક વરસાદ માટે હજુ થોડા દિવસો વધુ રાહ જોવી પડશે.

### રાજ્યમાં ગરમીનો પ્રકોપ યથાવત, ભાવનગર 41 ડિગ્રી તાપમાન

બીજી તરફ ગુજરાતમાં હજુ પણ ઉનાળાની ગરમીનો પ્રકોપ યથાવત જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર મંગળવારે રાજ્યના અનેક શહેરોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઊંચું નોંધાયું હતું, જેમાં ભાવનગર 41 ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. અમદાવાદ અને વલ્લભ વિદ્યાનગરમાં 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાતા લોકોને બપોરના સમયે ગરમી અને ઉકળાટનો અનુભવ થયો હતો. રાજ્યના અન્ય શહેરોમાં રાજકોટ, સુરેન્દ્રનગર, ડીસા અને ગાંધીનગરમાં 39 ડિગ્રી, વડોદરામાં 39 ડિગ્રી, અમરેલી અને કંડલા એરપોર્ટ પર 38 ડિગ્રી, કંડલા પોર્ટ પર 37 ડિગ્રી, ભૂજ, પોરબંદર, કેશોદ અને દમણમાં 36 ડિગ્રી તેમજ સુરત, નલિયા અને મહુવામાં 35 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

## ચોમાસું ખેંચાતાં ડાંગર, શેરડી અને બાગાયતી પાક પર સંકટના વાદળ

80 હજાર એકર ડાંગરના પાકને જોખમ, કેળા-પપૈયાના છોડ સૂકાવાની દહેશત

**ઘાસચારાની** અછતથી દૂધ ઉત્પાદન પર પણ અસરની શક્યતા



સુરત : સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં સામાન્ય રીતે 10થી 15 જૂન દરમિયાન ચોમાસું સક્રિય બની જતું હોય છે, પરંતુ આ વર્ષે ચોમાસાના આગમનમાં થયેલા વિલંબને કારણે ખેડૂતોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. સુરત જિલ્લાના ખેડૂત અને સહકારી અગ્રણી જયેશ એન. પટેલ (દેલાડ)એ જણાવ્યું હતું કે સમયસર વરસાદ ન પડતાં ડાંગર, શેરડી તેમજ બાગાયતી પાકોને નુકસાન થવાની ભીતિ વધી રહી છે. તેમણે જણાવ્યું કે સુરત, તાપી, વલસાડ અને ડાંગ જિલ્લાના ડુંગરાળ વિસ્તારોમાં મોટા પ્રમાણમાં વરસાદ આધારિત ડાંગરની ખેતી થાય છે. આ વિસ્તારોમાં ખેડૂતો વાવણી માટે વરસાદની રાહ જોઈ રહ્યા છે. જો આગામી દિવસોમાં પણ વરસાદ ન પડે તો આશરે 80 હજાર એકર વિસ્તારમાં ડાંગરના પાકને નુકસાનનું જોખમ ઊભું થઈ શકે છે. તેની સીધી અસર નાના અને સીમિત જમીન

...અનુસંધાન પાના 9 પર

# ભૂતિયા ડિમોલિશનમાં સેન્ટ્રલ ઝોનના ચીફે સીલબંધ કવરમાં રિપોર્ટ સોંપ્યો

**છ** સભ્યોની તપાસ સમિતિની આગામી બેઠકમાં ખુલશે કવર

**વચગાળાનો** કે અંતિમ અભિપ્રાયવાળો રિપોર્ટ છે તે અંગે સસ્પેન્સ યથાવત્

સુરત : વેડદરવાજાના નાસીરનગરમાં થયેલા ભૂતિયા ડિમોલિશનમાં અપાયેલી મુદત પ્રમાણે સેન્ટ્રલ ઝોનના ચીફે પોતાનો રિપોર્ટ સીલબંધ કવરમાં તપાસ સમિતીને આજે સોંપી દીધો હતો. સીલબંધ કવર હોવાથી રિપોર્ટમાં શું કહ્યું છે તેની વિગતો બહાર આવી નથી. જોકે, આ કવર ખૂલશે ત્યારે તેમાંથી જવાબદારોના નામો બહાર આવશે કે પછી 'કોથળામાંથી બિલાડું'

...અનુસંધાન પાના 9 પર

### તપાસ સમિતીની એક-બે દિવસમાં બેઠક મળશે, રિપોર્ટની ચકાસણી કરી કમિ.ને રિપોર્ટ સોંપાશે

સેન્ટ્રલ ઝોનના ચીફ આશિષ નાયક 29 મેથી 7 જૂન દરમિયાન સત્તાવાર રજા પર હતા અને 8 જૂનથી ફરી ફરજ પર જોડાયા હતા. સમિતિના પત્ર બાદ તેમણે ઝોનલ અધિકારી રામજીવાલા સહિત સંબંધિત ઇજનેરો પાસેથી લેખિત જવાબો પણ માંગ્યા હતા. હવે તપાસ સમિતિની આગામી બેઠક એકાદ-બે દિવસમાં યોજાય તેવી શક્યતા છે. બેઠક દરમિયાન સીલબંધ કવર ખોલી તેમાં રજૂ કરાયેલા અભિપ્રાયો અને દસ્તાવેજોની વિસ્તૃત ચકાસણી કરવામાં આવશે. ત્યારબાદ સમિતિ પોતાનો અહેવાલ સીધો મ્યુનિસિપલ કમિશનરને સોંપશે, જેના પર સમગ્ર તપાસની દિશા અને જવાબદારી નક્કી થવાની શક્યતા છે.

### નાસીરનગરના અસરગ્રસ્તો માટે મોબાઇલ ટોઇલેટ ફાળવવામાં ચલક-ચલાણું

નાસીરનગરમાં ડિમોલીશન બાદ અસરગ્રસ્તો પૈકી ઘણા પરિવારો હજુ પણ ત્યાંજ ડેરા-તંબુ નાખીને રહે છે. ખુલ્લામાં આકાશ નીચે ચોમાસાના આગમનની તૈયારી છતાં આ લોકો ત્યાંથી હટવા તૈયાર નથી. ઘણી તકલીફો વચ્ચે અહી રહેતા લોકોને મોટી સમસ્યા કુદરતી હાજતે જવાની છે. અસરગ્રસ્તો માટે મોબાઇલ ટોઇલેટ વાન ફાળવવા માંગણી થઇ હતી પરંતુ હજુ સુધી મનપાના તંત્ર દ્વારા ચલક-ચલાણું જ ચાલતું હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે.



# ભરૂચના કંથારિયામાં આગ બાદ બાટલો ફાટ્યો, 5 ગંભીર

**મકાનમાં** રાખેલી તમામ કીમતી ઘરવખરી બળીને ખાખ

**પાંચેય** ઘાયલને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા

ભરૂચ: ભરૂચના કંથારિયા ગામમાં એક રહેણાક મકાનમાં અચાનક આગ ફાટી નીકળ્યા બાદ ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો. આ બનાવમાં એક જ પરિવારના 5 લોકો ગંભીર રીતે દાઝી ગયા છે, જેના પગલે સમગ્ર પંથકમાં ભારે અફરાતફરી અને દોડધામ મચી ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ ભરૂચ ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ જીવનું જોખમ ખેડીને સળગતા અને લીકેજ થઈ રહેલા સિલિન્ડરને સમયસૂચકતા

...અનુસંધાન પાના 9 પર

કેન્દ્રના નવા ટ્રાફિક નિયમો અમલમાં

# એક જ વર્ષમાં 5થી વધુ ઈ-ચલણ આવશે તો લાઈસન્સ સસ્પેન્ડ થશે


**સમયસર** ચલણ ન ભરનાર વાહનોને 'વાહન પોર્ટલ' પર બ્લોક કરાશે

ગાંધીનગર: ટ્રાફિક નિયમોના ભંગ સામે હવે વધુ કડક કાર્યવાહી થશે. કેન્દ્ર સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે કેન્દ્રીય મોટર વાહન નિયમોમાં મહત્ત્વપૂર્ણ સુધારા જાહેર કર્યા છે, જેના હેઠળ એક જ વર્ષમાં પાંચ કે તેથી વધુ વખત ઈ-ચલણ મેળવનારા વાહનચાલકોનું ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્ડ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. સાથે જ સમયસર ચલણ ન ભરનાર વાહનોને 'વાહન પોર્ટલ' પર બ્લોક કરવાની વ્યવસ્થા પણ અમલમાં આવશે.

નવા નિયમો મુજબ, ઈ-ચલણ સામે કોઈ વાંધો કે ફરિયાદ હોય તો વાહનચાલકને 45 દિવસની અંદર ઓનલાઈન રજૂઆત કરવાની તક મળશે. જો આ સમયગાળામાં કોઈ ફરિયાદ નોંધાવવામાં નહીં આવે તો ચલણ આપોઆપ સ્વીકારવામાં આવ્યું હોવાનું માનવામાં આવશે. ત્યારબાદ આગામી 30 દિવસમાં ચલણની રકમ ભરવી ફરજિયાત રહેશે. નિયત સમયમર્યાદામાં ચલણની ભરપાઈ નહીં કરનાર વાહનને 'વાહન પોર્ટલ' પર "Not to be Transacted" શ્રેણીમાં મૂકવામાં આવશે. પરિણામે વાહન સંબંધિત વિવિધ સેવાઓ, જેમ કે આર.સી. બુક, લાઇસન્સ પ્રક્રિયા અને અન્ય વહીવટી કામગીરી

...અનુસંધાન પાના 9 પર

# રાજુલાના કોવાયામાં સિંહણે યુવાનને ફાડી ખાધો, માત્ર ખોપરી જ બચી!



**ઘટનાસ્થળેથી** યુવકની ખોપરી અને પાંસળીના કેટલાક અવશેષો જ મળ્યા, સિંહણને પકડી લેવાઈ

ગાંધીનગર: અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોવાયા ગામ નજીક સિંહણના હુમલામાં એક પરપ્રાંતીય યુવકનું કરૂણ મોત થતાં સમગ્ર

...અનુસંધાન પાના 9 પર

### સમગ્ર વિસ્તારમાં ટ્રેકરોની સંખ્યા વધારવા અને મોનિટરિંગ માટે સૂચના આપી છે: મોઢવાડિયા

ઘટના અંગે વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ દુ:ખ વ્યક્ત કરતાં મૃતક યુવકને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે સમગ્ર વિસ્તારમાં ટ્રેકરોની સંખ્યા વધારવા, સતત મોનિટરિંગ અને પેટ્રોલિંગ સઘન બનાવવા સૂચનાઓ આપવામાં આવી છે જેથી આવી દુર્ઘટનાઓનું પુનરાવર્તન અટકાવી શકાય. સ્થાનિક લોકોનું કહેવું છે કે કોવાયા અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારમાં સિંહોની અવરજવર સામાન્ય બની ગઈ છે. અનેક કંપનીઓમાં દિવસ-રાત કામ કરતા કર્મચારીઓ માટે સુરક્ષાનો પ્રશ્ન ગંભીર બન્યો છે. ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો અને પગપાળા અવરજવર કરતા લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

### સિંહોની વધતી સંખ્યા સાથે માનવજીવનની સુરક્ષા પણ એટલી જ જરૂરી છે: ધારાસભ્ય હીરા સોલંકી

આ દરમિયાન રાજુલાના ધારાસભ્ય હીરા સોલંકીએ પણ ઘટનાને દુ:ખદ ગણાવી વન વિભાગમાં સ્ટાફ અને ટ્રેકરોની સંખ્યા વધારવાની માંગણી રાજ્ય સરકાર સમક્ષ ઉઠાવવાની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું હતું કે સિંહોની વધતી સંખ્યા ગૌરવની બાબત છે, પરંતુ માનવજીવનની સુરક્ષા સુનિશ્ચિત કરવી એટલી જ જરૂરી

...અનુસંધાન પાના 9 પર

# ગૌરી આશ્રમશાળામાં 20 વિદ્યાર્થી અને એક શિક્ષકને ઝાડા-ઊલટી

**તમામને** સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા, રાત્રે તબીબી ટીમની દોડધામ સાથે વાલીઓના જીવ ઉચાટમાં

ખેરગામ: ખેરગામ તાલુકાના ગૌરી ગામ સ્થિત ગૌરી આશ્રમશાળામાં સર્જાયેલી ખોરાકી ઝેરની ઘટનાએ સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચાવી છે. આશ્રમશાળામાં અભ્યાસ કરતાં 20 જેટલા વિદ્યાર્થીઓ અને એક શિક્ષકને ઝાડા-ઊલટીની ગંભીર તકલીફ થતાં તાત્કાલિક સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવાની ફરજ પડી હતી. આ બનાવ કયા સંજોગોમાં બન્યો તેની આરોગ્ય વિભાગે તપાસ કરવાની જરૂર છે. વિદ્યાર્થીઓ ઝાડા-ઊલટી થતાં વાલીઓમાં ચિંતા જોવા મળી હતી. આ ઘટનાના પગલે વાલીઓમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામ મંગળ ટ્રસ્ટ દ્વારા માંગ કરવામાં આવી

...અનુસંધાન પાના 9 પર



### સારવાર આપી તમામને રજા આપી દેવાઈ

ખેરગામ રેફરલ હોસ્પિટલના ડોક્ટર કેતનભાઇને આ અંગે પૂછતા જણાવ્યું હતું કે, આશ્રમ શાળામાં અભ્યાસ કરતા ૧૯ જેટલા વિદ્યાર્થીઓ અને એક શિક્ષકને અહીં સારવાર માટે લાવવામાં આવ્યા હતા અને તેમને ઓપીડીમાં તપાસીને જરૂરી સારવાર આપીને રજા આપી દેવામાં આવી હતી.

હાય, ગરમી... આશરે 300 એમસીએમ પાણી ઉકાઈના જળાશયમાંથી બાષ્પીભવન થઈ ગયું

# સુરતને આખો વર્ષ ચાલે તેટલું પાણી 4 જ મહિનામાં ઊડી ગયું

**ગયા** વર્ષ કરતાં ઉકાઈ ડેમ 3.4 ફૂટ નીચે, ઓછા વરસાદની આગાહીથી ચિંતા વધી

સુરત: દક્ષિણ ગુજરાત માટે જીવનદોરી સમાન ઉકાઈ ડેમની જળસપાટીમાં આ વર્ષે ચિંતાજનક ઘટાડો જોવા મળી રહ્યો છે. 16 જૂન

...અનુસંધાન પાના 9 પર

### દસ વર્ષમાં 2000 એમસીએમથી વધુ પાણી બાષ્પીભવન

ઉકાઇ ડેમમાંથી છેલ્લા દસ વર્ષ દરમિયાન અંદાજે 2053 એમસીએમથી વધુ પાણી બાષ્પીભવન થઈને હવામાં ઊડી ગયું છે. આટલું પાણી ડેમને તેની

...અનુસંધાન પાના 9 પર

### રોજનું 2.34 એમસીએમ પાણી હવામાં ઊડી જાય છે

ઉકાઈ ડેમમાંથી ઉનાળામાં સરેરાશ રોજના 2 થી 2.5 એમસીએમ પાણી બાષ્પીભવન થતું હોવાનું નોંધાયું છે. ગયા વર્ષે ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં રોજનું સરેરાશ 2.34 એમસીએમ પાણી બાષ્પીભવન થયું હતું. આ વર્ષે તાપમાન વધુ રહેતા આ પ્રમાણમાં પણ વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ચોંકાવનારી વાત એ છે કે, ડેમમાંથી રોજ જેટલું પાણી બાષ્પીભવન થઈને ઊડી જાય છે, તેટલું જ પાણી સુરત શહેરની દૈનિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે વપરાય છે. એટલે કે, ગરમીના કારણે દરરોજ એક આખા શહેરના પાણી જેટલો જથ્થો હવામાં સમાઈ રહ્યો છે.

### હવામાં ભેજ ઓછી હોય ત્યારે વધુ પાણી ઊડી જાય

નિવૃત્ત પ્રોફેસર ડો. એસ.કે. ટાંકના જણાવ્યા અનુસાર ગરમ પ્રદેશોમાં પાણીના બાષ્પીભવનનું પ્રમાણ સ્વાભાવિક રીતે વધુ હોય છે. વર્ષ પ્રમાણે તેમાં વધઘટ થવાનું

...અનુસંધાન પાના 9 પર

# ઘરે જઈ રહેલા વિદ્યાર્થીને શાળાની નજીક જ ચપ્પુના ઘા મારી દેવાયા

**ઉધનામાં** ૧૬ વર્ષીય સગીર અન્ય વિદ્યાર્થીના હુમલાથી લોહીલુહાણ થઈ ગયો

**ઈજાગ્રસ્ત** હાલતમાં વિદ્યાર્થી હિંમતભેર ચાલતો દુકાન સુધી પહોંચતા હોસ્પિ.માં ખસેડાયો

સુરત: શહેરમાં ગુનેગારો બેફામ બન્યા હોય તેમ ધોળાદિવસે ગુનાખોરીની ઘટનાઓ સામે આવી રહી છે. સુરતના ઉધના વિસ્તારમાં મંગળવારે બપોરે એક સનસનાટીભરી ઘટના સામે આવી છે, જેમાં એક ૧૬ વર્ષીય શાળાના વિદ્યાર્થી પર અન્ય વિદ્યાર્થીએ ચપ્પુ વડે જીવલેણ હુમલો

...અનુસંધાન પાના 9 પર

### લોહીલુહાણ હાલતમાં કિશોર 'મઢીની ખમણી' સુધી પહોંચ્યો

ભયાનક હુમલા છતાં આ સગીરે હિંમત હારી ન હતી. અસહ્ય પીડા અને શરીરમાંથી સતત

...અનુસંધાન પાના 9 પર


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



પાંચમી માસિક પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



સત્કાર્યો તમારી સેવા હતી, સજ્જનતા અને સહકારી સેવા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારૂં જીવન હતું, પરોપકાર તમારૂં રટણ હતું, અંજલિ આપતા હૈયું અમારૂં તુટે છે, શ્રદ્ધાંજલિ આપતા શબ્દો પણ ખુંટે છે. પરંતુ તમારી યાદ અને સહકારી સદ્‌ગુણો ફુલોની જેમ સદા અમારા જીવનમાં મહેંકતા રહેશે.

અમારા પરમ સહકારી મિત્ર, આજે તમારી પાંચમી માસિક પુણ્યતિથિએ આપને ઝંખી શ્રધ્ધા સુમન સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ અને પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે તમારા આત્માને મોક્ષ મળે.

લિ. તમોને સતત ઝંખતા શોકાતુર મિત્રો.

સ્વ. ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલા
સ્વ. તા. ૧૭-૦૧-૨૦૨૬
કોસાડ, સુરત શહેર

બાબુભાઈ છોટુભાઈ દેસાઈ (સહકારી અને સામાજિક અગ્રણી)
(નાણાંવટ ફળિયું, મોટાવરાછા-સુરત શહેર મો.: ૯૯૨૫૩ ૭૬૪૭૨)
નરેશભાઈ ચીમનભાઈ પટેલ (સૌથી વિશ્વાસુ મિત્ર, કોસાડ-સુરત)
સૌથી વફાદાર મિત્ર સ્વ. મોતીભાઈ નાગરભાઈ પટેલના પરિવારજનો (કોસાડ)



"હરિ ૐ" બીજી વાર્ષિક પુણ્યતિથિએ "જય શ્રી કૃષ્ણ"

શ્રદ્ધાંજલિ



જીવનમાં હરપળ હસતા રહયા. સ્નેહથી સૌના હૈયામાં વસતા રહયા.
આપનું ઉદાર જીવન, માયાળું સ્વભાવ,
લાગણીશીલતા અમો જીવનભર ભુલશું નહિ.
તમારા પ્રસન્ન ચહેરાની મહેક આજે પણ એટલી જ અનુભવાય છે,
પ્રસંગમા ભળી જવાનો તમારો ઉમળકો વાર તહેવારે સૌ યાદ કરે છે,
તમે જયાં હો ત્યાં સદાય પ્રસન્ન રહો તેવી પ્રભુને પ્રાર્થના.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્વ. અશોકકુમાર કાંતિલાલ ઢબુવાલા
સ્વ. તા. ૧૭/૦૬/૨૦૨૪

લિ. ગં.સ્વ. દીપિકાબેન અશોકકુમાર ઢબુવાલા (પત્ની)
તથા સમસ્ત ઢબુવાલા પરિવાર



બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



"પિતા એ જીવનનું પ્રથમ વિશ્વવિદ્યાલય છે. તેમના પ્રેમ, ત્યાગ, સંઘર્ષ અને સંસ્કારો સંતાનોના જીવનની સૌથી મોટી મૂડી હોય છે. આજે આપ અમારી વચ્ચે ભૌતિક રીતે નથી, છતાં આપના આશીર્વાદ, આપના શબ્દો અને આપના આદર્શો દરેક ક્ષણે અમારી સાથે છે. આપ દ્વારા અપાયેલા સંસ્કારો અમને જીવનના દરેક માર્ગ પર પ્રેરણા આપે છે. આપની ખોટ ક્યારેય પૂરી થઈ શકશે નહીં, પરંતુ આપની પવિત્ર સ્મૃતિઓ હંમેશા અમારા હૃદયમાં જીવંત રહેશે. પુણ્યતિથિના આ પાવન દિવસે આપને કોટિ-કોટિ વંદન અને ભાવભીની શ્રદ્ધાંજલિ. પરમાત્મા આપની પુણ્ય આત્માને પોતાના શ્રીચરણોમાં સ્થાન આપે તેવી પ્રાર્થના."

સ્વ. કરશનભાઈ મોરારભાઈ પટેલ
સ્વ તા. ૧૭-૬-૨૦૨૪

લિ.
ભાનુંબેન કરસનભાઈ પટેલ (પત્ની)
નિલેશભાઈ કરસનભાઈ પટેલ(પુત્ર)
નયનાબેન પિન્ટુભાઈ પટેલ (પુત્રી)
તથા સમસ્ત પરિવાર
સંતોષી સ્ટ્રીટ વાસવા ગામ